# પાલનપુર તાલુકાના સરીપડા ગામની પ્રાથમિક શાળામાં મેમદપુર ગામની પ્રાથમિક શાળાનું પુનરાવર્તન

## પ્રા. શાળાના ધો. ૮માં અભ્યાસ કરતા બાળકના ગળામાં સળીયો ઘુસી ગયો

પાલનપુર, તા. ૧૬

પાલનપુર તાલુકાના સરીપડા ગામની પ્રાથમિક શાળામાં આજે અરેરાટીભર્યો બનાવ બન્યો હતો. જેમાં શાળા છુટ્યા બાદ રમત-



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રમતમાં ૧૪ વર્ષીય વિદ્યાર્થીના ગળામાં લોખંડનો સળીયો ઘુસી ગયો હતો. જેને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પાલનપુર તાલુકાના સરીપડા ગામની પ્રાથમિક શાળામાં અંકિત રમેશભાઈ પરમાર નામનો વિદ્યાર્થી અભ્યાસ કરે છે. ધોરણ-૮માં અભ્યાસ કરતો ૧૪ વર્ષીય બાળક આજે શાળા છુટ્યા બાદ તેના મિત્રો સાથે રમતે વળ્યો હતો. જેથી રમત રમતમાં શાળાના દરવાજા પાસે લોખંડનો સળીયો ગળાના ભાગમાં ઘુસી ગયો હતો. જો કે બાળકે બૂમાબુમ કરતા લોકો એકત્ર થઈ ગયા હતા. અને સળીયો બહાર કાઢી તેને તાકીદે સારવાર અર્થે ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની તબિયત સુધારા પર હોવાનું ફરજ પરના તબીબ ડૉ. આર.બી. જૈને જણાવ્યું હતું.

જો કે આ અગાઉ ડીસેમ્બર-૨૦૧૩માં વડગામ તાલુકાના મેમદપુર ગામમાં પણ આવો જ કમકમાટીભર્યો બનાવ બન્યો હતો. જેનું આજે પુનરાવર્તન થયું હતું. ત્યારે આ ઘટના શાળાના કમ્પાઉન્ડ ફરતે રહેલા લોખંડના ભાલા દૂર કરવાની તંત્રની સુફીયાણી વાતો માત્ર કાગળ જ પર જ રહી ગઈ હોવાની ચાડી ખાઈ રહી છે.

# બાદરપુરા (ખોડલા) મહિલા સરપંચ પર હૂમલો

પાલનપુર, તા. ૧૬

પાલનપુર તાલુકાના બાદરપુરા(ખોડલા)ગામની મહીલા



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સરપંચ પર ગામના જ કેટલાક શખ્સોએ હૂમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. દરમ્યાન ઈજાગ્રસ્ત મહીલા સરપંચને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પાલનપુર તાલુકાના બાદરપુરા-ખોડલા ગામના મહીલા સરપંચ ગલબીબેન હસમુખભાઈ ડાભી રસ્તાના કામે માપણી કરાવી રહ્યા હતા. ત્યારે ગામના ચોધરી સમાજના જ કેટલાક શખ્સોએ રકઝક કરી મહીલા સરપંચને ગડદાપાટુનો માર મારી જાતિ અપમાનીત શબ્દો કહી હૂમલો કર્યો હતો. જેને પગલે મહીલા સરપંચને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જો કે, મહીલા સરપંચ પર અગાઉ પણ ગામના વગદાર કોમના લોકોએ હૂમલો કર્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે પોલીસ ગામની સુલેહ-શાંતિ જળવાઈ રહે તે માટે કડક પગલાં ભરે તેવી માંગણી જોર પકડી રહી છે.

# ધનસુરા બી.એસ.એન.એલ.ના કર્મચારીને ઓપરેશન કરાવવું ભારે પડયું!!

ધનસુરા, તા.૧૬

ધનસુરા ટેલિફોન એકસચેન્જના ટેકનિશનયનને અમદાવાદની સાલ હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું ભારે પડી ગયું હતું. સાલ હોસ્પિટલમાં પોતાનું ઓપરેશન કરાવી નાણાં ચૂકવી નીચે આવીને જોતા જ તેમની કાર ચોરાઈ જવા પામી ધનસુરાના દર્દીને પડયા પર પાટુ જેવી સ્થિતિ પેદા થવા પામી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે ધનસુરા ટેલિફોન એકસચેન્જમાં ટેકનિશ્યન તરીકે ફરજ બજાવતા કનૈયાલાલ સોમચંદ ઝેણસારીને શારીરિક તકલીફ થતા થોડા સમય પહેલા ધનસુરાથી અમદાવાદ સ્થિત સાલ હોસ્પિટલમાં પોતાની ફ્રન્ટી કાર લઈ સારવાર કરાવવા આવ્યા હતા. તેમની તકલીફને જોતા હોસ્પિટલના ડૉકટરોએ તેમને ઓપરેશનની સલાહ આપી હતી અને તેમણે હોસ્પિટલમાં દાખલ થઈ ઓપરેશન કરાવ્યું હતું બાદમાં હોસ્પિટલમાંથી રજા મળતા તેઓ હોસ્પિટલના નાણાં ચુકવી ઘરે જવા પોતાની ફ્રન્ટી કાર લેવા ગયા પરંતુ કાર નજેર ન પડતા આસપાસમા તપાસ કરી હતી કોઈ ભાળ ના મળતા તેઓએ કાર ચોરી સંદર્ભે વસ્ત્રાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે હાલ તો દર્દી કનૈયાલાલને ઓપરેશનના લાખો રૂપિયા ખર્ચાયા ઉપરાંત કાર ચોરી થઈ જતા બરાબર પડયા પર પાટુ જેવો ઘાટ ઘડાયો હતો.

### ધનસુરામાં બી.એસ.એન.એલ.ના ધાંધિયા

ધનસુરા, તા.૧૬

ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બી.એસ.એન.એલ.ના બેજવાબદાર તંત્રને લીધે છેલ્લા ૨૪ કલાકથી લેન્ડલાઈન ફોન અને મોબાઈલ ફોનની લાઈનો ઠપ થઈ જતા ગ્રાહકો ઉગ્ર રોષે ભરાયા છે.

# ભિલોડા તાલુકામાં ચીતામણી ફીડરમાં વીજ લાઈનનું સમારકામ સત્વરે કરવા ઉગ્ર રજુઆત

## ૧૫થી વધુ ગામમાં અવાર-નવાર વીજપુરવઠો ખોરવાઈ જાય છે

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ચીતામણી ફીડરમાં વીજ લાઈનનું સમારકામ સત્વરે કરવા ઉગ્ર રજુઆત ૧૫ થી વધુ ગામમાં અવાર-નવાર વીજપુરવઠો ખોરવાઈ જાય છે. આ વિસ્તારના પ્રજાજનોને ભારે મુશ્કેલીઓ સહન કરવી પડતી હોય છે. રાત્રે મહિલાઓ તથા બાળકોને બહાર નીકળવામાં ભયની લાગણી અનુભવતા હોય છે. ભિલોડા યુ.જી.વી. સી.એલ. કચેરીમાં વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં ભિલોડા યુ.જી.વી. સી.એલ.ના જવાબદાર અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી.કોંગ્રેસ કાર્યકર રાજુભાઈ પારઘી સહિત આ વિસ્તારના પ્રજાજનોએ જણાવ્યું હતું કે ચીતામણી ફીડરમાં માંકરોડા, ઘાંટી, ખલવાડ, કિશનગઢ, લીલછા, વેજપુર સહિત વિવિધ ગામ આવેલા છે. છેલ્લા કેટલાક દિવસોથી વારંવાર વીજપુરવઠો ખોરવાતા અસહ્ય કાળઝાળ ગરમીમાં પ્રજાજનોને અધિકારીઓને બેદરકારીના કારણે પરસેવાથી રેબઝેબ થવાનો વારો આવતો હોય છે. ભિલોડા યુ.જી.વી. સી.એલ. કચેરીના જવાબદાર અધિકારીઓ ધ્વારા ચીતામણી ફીડરમાં સત્વરે સમારકામ કરવાની પ્રબળ લોક માંગણી છે.

ચીતામણી ફીડરના ગ્રામ્યવિસ્તારોમાં વીજ પુરવઠો અનિયમીત મળતાં પ્રજાજનોને ભારે તકલીફો સહન કરવી પડતી હોય છે. જ્યોતિગ્રામ યોજનામાં ૨૪ કલાક વીજળી આપવાની સરકારની યોજનાને વીજ કંપનીના અધિકારીઓ ધજીયા ઉડાવી રહ્યા છે. ચીતામણી ફીડરમાં સરકારી ગેસ્ટ હાઉસ પણ આવેલ છે. વી.આઈ.પી., મંત્રીઓ ક્યારેક-ક્યારેક રોકાણ કરતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અવાર-નવાર વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનોને મુશ્કેલી સહન કરવાનો વારો આવે છે.

ભિલોડા ગામમાં ભુલવણી વિસ્તાર સહિત વિવિધ વિસ્તારોમાં વીજળીના વોલ્ટેજ અપુરતા આવતા હોવાના કારણે પ્રજાજનો તોબા-તોબા પોકારી ઉઠ્યા છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના અધિકારી સોલંકીને વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થયેલ નથી. ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં વીજળીના અપુરતા વોલ્ટેજ આવતા હોવાના કારણે એ.સી.જેવા ઉપકરણો પ્રજાજનો ચાલું કરી શકતા નથી. પ્રજાજનોને વીજઉપકરણો બળી જવાનો ભય સતાવતો હોય છે.

### ખેડબ્રહ્મામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૬

જિલ્લા પ્રો. કો.ઓ. પી.કે. ત્રિવેદી સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ અને આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી કે.જે. પટેલના આયોજન હેઠળ ૨૫૯ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાઈ ગયો. બી.આર.સી. ખેડબ્રહ્મા પી.બી. જોષી દ્વારા ગામમાં પ્રચાર અર્થે ચાર રીક્ષાઓ દ્વારા પ્રચાર પ્રસાર કરી કરવામાં આવ્યો. દિપક એસ. ભટ્ટ આી.પી.એસ. અધિકારી આઈ.બી. વિભાગ ગાંધીનગર હાજર રહી બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. જ્યારે ૧૩મી તારીખે અશ્વિનીકુમાર આઈ.એ.એસ. હાજર રહી બાળકોને પ્રવેશ અપાવ્યો. તાલુકામાં કુલ ૫૪૦૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો. જ્યારે ૨૧૪૮ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

### ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ચેરમેન પદે નિમણુંક

ભિલોડા, તા.૧૬

ભિલોડા તાલુકાના મુનાઈ



ગામની ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી., મુનાઈમાં સતત ૩૧મા વર્ષે બિનહરીફ ચેરમેન પદે રઘજીભાઈ મુળજીભાઈ પટેલની નિમણુંક કરાતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.વા.ચેરમેન પદે કાનજીભાઈ ગોબરભાઈ પરમારની નિમણુંક કરેલ છે.

### ભિલોડાના હાર્દસમા વિસ્તારમાંથી બાઈક ચોરાયુ

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા બજાર વિસ્તારમાંથી પાર્કીંગ કરેલ બાઈક ચોરાયુ. ભિલોડા તાલુકામાં બાઈકો ચોરાઈ જવાનો સીલસીલો જારી બનતાં પ્રજાજનો ચિંતીત બન્યા હોવાનું જાણવા મળેલ છે. ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લીમીટેડ, ભિલોડા શાખામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા તારીકભાઈ આર.મનસુરી, રહેવાસી. ગોવિંદનગર, ભિલોડાનું બજાજ પલ્સર કાળા કલરનું બાઈક નંબર. જી.જે.૯. એકે.૧૦૨૨ કોઈ અજાણ્યા હરામખોર ચોર-ઈસમો ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી છે.

### ભારતીય મહિલા બંકે છોકરીઓ માટે ખાસ આરડી સ્કીમ 'નન્હી કલી' શરૂ કરી

ભારતીય મહિલા બેંક (ભારત સરકારની સંપૂર્ણ માલિકી)એ બીએમબી 'નન્હી કલી' નવી રિકરીંગ ડિપોઝીટ સ્કીમ શરુ કરી છે. આ સ્કીમ ફકત છોકરીઓ માટે છે. આ સ્કીમ દ્વારા છોકરીઓના ભવિષ્યની આર્થિક આવશ્યકતાઓની પૂર્તિ માટે સારી એવી રકમ તૈયાર કરીને છોકરીઓનું સુનિશ્ચિત ભવિષ્ય ઘડી શકાય તેમ છે. એક દિવસની છોકરીથી લઈને ૧૩ વર્ષ સુધીની છોકરીઓ માટે બીએમબીની 'નન્હી કલી' રિકરિંગ ડિપોઝિટ સ્કીમનો લાભ લઈ શકાય. આ ખાતામાં મહિને ૫૦ રૂપિયા અથવા તેના ગુણાંકમાં રકમ ભરી શકાશે. બેંકે મહિનાના કોઈ પણ દિવસે રકમ ભરી શકવાની છૂટ આપી છે.


# વરતોલમાં આતંકી કપીરાજ પાંજરે પુરાયા

## જંગલખાતાની ટીમ દ્વારા ૩૦ કલાકની જહેમત પછી ઓપરેશન પાર પાડ્યુ

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામમાં કપીરાજે દસ વ્યક્તિઓને ઘાયલ કરી ગામમાં ભયનું વાતાવરણ ઉભુ કર્યુ હતું. રવિવારથી જંગલ વિભાગની ટીમે કપીરાજને પાંજરે પુરવાની કાર્યવાહી તેજ કરી હતી અને જંગલ વિભાગના જાસામાં આ કપીરાજ આવી ગયા અને પાંજરે પુરાઈ ગયા હતા. કપીરાજને પકડવાની કાર્યવાહી જોવા ગામલોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કપીરાજ પાંજરે પુરાતા ગામ લોકોએ રાહતનો દમ લીધો હતો.

ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામમાં છેલ્લા એક અઠવાડીયાથી એક મહાકાય કપીરાજે આતંક મચાવતા રવિવાર સુધીમાં નવ વ્યક્તિઓને ઘાયલ કર્યા હતા. સોમવારે રમેશભાઈ નાનાલાલ રાવલના પગે કપીરાજે જોરદાર બચકુ ભર્યુ હતુ જેથી ઉંડો ઘા પડી જતાં હોસ્પિટલની સારવાર દરમિયાન ત્રણ ટાંકા આવ્યા હતા. જંગલ વિભાગ દ્વારા રવિવારે ઉદયપુર રાજસ્થાનથી વાંદરા પકડવામાં નિષ્ણાત મુખત્યારસિંહને બોલાવવામાં આવ્યો હતો. પણ મહાકાય કપીરાજને જોઈ મુખ્યતારસિંહે હાથ અધ્ધર કરી દઈ ઉદયપુરની વાટ પકડી લીધી હતી. જેથી જંગલ વિભાગ દ્વારા છેલ્લા



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

સત્તર વર્ષથી વાંદરા પકડવાની કામગીરી કરતા રાજસ્થાન-ઉદયપુરના શાબીરઅલી નવાબઅલી સૌયદને તેમની ટીમ સાથે બોલાવવામાં આવ્યા હતા. અને તેમની સાથે ફોરેસ્ટ જયપાલસિંહ પી. ચાવડા, કે.બી. ભરવાડ તથા ગાર્ડ અશ્વિનભાઈ વીહોલ અને એલ.બી. બુબડીયા જોડાયા હતા. એક મકાનના પગથિયે પાંજરૂ મુકવામાં આવ્યું હતું. અને પાંજરામાં મગફળી-ચણા તથા રોટલી મુકવામાં આવી હતી. જેથી કપીરાજ ખાવાની લાલચમાં આવી જતાં પાંજરે પુરાઈ ગયો હતો. આ મહાકાય કપીરાજ પાંજરે પુરાતા ગામ લોકોએ રાહતનો દમ લીધો હતો.

ફોરેસ્ટ જયપાલસિંહ પી. ચાવડાએ જણાવ્યું હતું કે કપીરાજ પાંજરે પુરાતા તેમની સાથેના બાકીના ચાર-પાંચ વાંદરાઓને પણ પકડવામાં આવશે અને પછી આ તમામને અંબાજીના જંગલમાં છોડી મુકવામાં આવશે. વધુમાં ચાવડાએ જણાવ્યું હતું કે પાંજરે પુરાયેલા કપીરાજને જંગલમાં છોડવામાં આવે અને બાકીનાને પકડવામાં ન આવે તો આ કપીરાજ આજ ગામમાં પાછા આવી જવાની શક્યતાઓ વધી જાય છે તેથી આ કપીરાજ સહીત તેમના પરિવારને પણ પાંજરે પુરી જંગલમાં છોડી મુકાશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકાના માલગઢ ગામે આવેલ શ્રી લચ્છાજી હિન્દુજી માળી આદર્શ હાઈસ્કૂલ ખાતે ત્રિ-દશાબ્દી મહોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજવામાં આવ્યું હતું જેમાં અનેક દાતાશ્રીઓ તેમજ મહેમાનોનું ફુલગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સંસદસભ્ય હરિભાઈ ચૌધરી, ડૉ. કે.એન.બામણીયા (જિલ્લા શિક્ષણાધિકારી બ.કાં.), ભરતભાઈ ચૌધરી (સભ્ય, ગુ.માં અને ઉ.મા. શિક્ષણ બોર્ડ) સી.પી.ડગલા (તાલુકા વિકાસ અધિકારી), દલપતભાઈ બી.ટાંક, (તાલુકા મેજીસ્ટ્રેટ અને મામતલતદાર વિજાપુર), શ્રવણકુમાર ગીગાજી પરમાર, (સરપંચ માલગઢ ગ્રામ પંચાયત), આર.બી.માળી અને કે.ટી.માળી તેમજ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સિનિયર સિટિઝનની કારોબારી બેઠક યોજાઈ

શામળાજી ખાતે તાજેતરમાં અરવલ્લી જિલ્લા સિનિયર સિટિઝન ફેડરેશનની કારોબારી બેઠક મોહનભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બેઠકમાં યજમાન ભિલોડા સિનિયર સિટિઝન ફેડરેશનના પ્રમુખે સર્વે સભ્યોનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. સર્વે સભ્યોની ઉપસ્થિતિમાં વિનોદભાઈ શાહે ગત કારોબારી બેઠકના ઠરાવો રજૂ કર્યા હતા અને નવા વર્ષની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત્ત પોતાનું વક્તવ્ય રજૂ કર્યુ હતુ અંતે સાબરકાંઠા જિલ્લા સિનિયર સિટિઝન ફેડરેશનના ઉપપ્રમુખ જયંતિભાઈ શાહના ૮૦ વર્ષ પૂર્ણ થતા તેમનું પ્રમુખ કોદરભાઈ પટેલના હસ્તે સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ વચ્ચે

# બનાસકાંઠામાં અપડાઉનિયા શિક્ષકો સામે શિક્ષણ વિભાગનું મૌન

## છેવાડાના ગામોમાં અપડાઉન કરતા શિક્ષકોને કારણે બાળકોનું ભાવી ધુંધળુ

ડીસા, તા. ૧૬

પ્રાથમિક શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા રાજય સરકારે ભગીરથ પ્રયત્ન શરૂ કર્યો છે. એક સમયે બાળક શાળાનું નામ લેતા જ ધ્રુજતું અને શિક્ષકોનો પણ ડર રહેતો હતો. જયારે આજે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમોમાં મંત્રીઓ અને કલાસવન કક્ષાના ઓફીસરોની ઉપસ્થિતિમાં બાળકોને કુમ કુમ તિલક અને મોં મીંઠુ કરાવી કીટ આપી શાળામાં પ્રવેશ કરાવાય છે. જે બાળક માટે આનંદનો અવસર બની શકે છે.

જોકે સરકારના ઉમદા પ્રયત્નો છતાં બનાસકાંઠા જીલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકો અપડાઉન કરતા હોવાથી શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે. બનાસકાંઠા જીલ્લામાં શહેરી વિસ્તારોને બાદ કરતાં ગ્રામિણ વિસ્તારોની સ્કુલોના શિક્ષકો પોતાના હેડ કવાર્ટરમાં રહેવાને બદલે દુર દુરથી અપડાઉન કરી શિક્ષણની ઘોર ખોદી રહ્યા છે. જે શાળા ખુલવાના સમયથી એક -બે કલાક મોડા અને સાંજે શાળા છુટે તેના અડધા કલાકે શાળામાંથી રવાના થઈ જાય છે. આવા શિક્ષકો ઘરથી નિકળી શાળામાં આવે અને મોડુ થવાના ટેન્શનમાં સમય વિતાવી દે છે. બાળકોના શિક્ષણ તરફ ધ્યાન આપતા નથી. કેટલાક શિક્ષકો તો પાલનપુરથી વાવ-થરાદના સરહદી વિસ્તારની સ્કુલોમાં અપડાઉન કરે છે. આ શિક્ષકો કયારે શાળામાં પહોંચતા હશે ? અને શું ભણાવતા હશે તે વિચારવા જેવી બાબત છે. અપડાઉનિયા શિક્ષકોને કારણે સરકારી શાળાના ગરીબ બાળકોનું ભાવિ અંધકારમય હોવાનું ખુદ શિક્ષણ વિભાગના અધિકારીઓ જાણે છે. પરંતુ તેઓ અપડાઉનિયા શિક્ષકોને છાવરી રહ્યા છે. બીજુ કે, ૬૦ થી ૭૦ ટકા શિક્ષકો અપડાઉન કરતા હોય ત્યારે કેટલાને કહેવું ? જયારે કેટલાક શિક્ષકો રાજકીય ઓથ નીચે ગેરકાયદેસર અપડાઉન કરી રહ્યા છે. બનાસકાંઠા જીલ્લામાં છેવાડાના ગામોમાં ડ્રોપ આઉટનો રેસિયો મોટો છે. વળી, ધો. ૫ સુધી ભણતા બાળકોમાં ઘણા ખરાને વાંચતા લખતા પણ આવડતું નથી ત્યારે આજના ટેકનીક યુગમાં આવા બાળકો પછાત ન રહી જાય તે માટે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જીલ્લામાં અપડાઉન કરતા શિક્ષકો હેડકવાર્ટરમાં રહે તે માટે શિક્ષણ વિભાગના અધિકારીઓને તાકીદ કરવી જોઈએ અને વાલીઓની ફરિયાદોનું ત્વરીત નિવારણ કરી શિક્ષણમાં સુધારો લાવવો જોઈએ નહીં તો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણીના ભપકાઓનો કોઈ અર્થ સરે તેમ લાગતું નથી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe


પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામસ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન